લાગણી નાં તરંગો

ક્યાં નથી જાણતો તેની લાગણી નાં તરંગો ??
તેની એક એક ભાવનામાં છે પ્રેમ નાં અનેક રંગો,

કરે છે દેખાવ એક નિખાલસ મિત્ર તરીકેનો,
પણ, મિત્રો માં ક્યાં હોય છે આ પડદો શરમનો ??
ક્યાં નથી જાણતો .....

કેટલી ઝીણવટ થી નિરખે છે એ મારા નયનો,
જેની કદી લીધી નથી મેં નોંધ, તેની પાસે છે તેના અવલોકનો,
ક્યાં નથી જાણતો .....

રાખવા માંગું છું વચ્ચે અમારી એક અવકાશ અંતરનો,
પણ જાણે કે છે સંબંધ ખૂંપેલ વ્યક્તિ અને દળદળનો !!!
ક્યાં નથી જાણતો .....

કેમેય કરીને અળગો નથી થતો ફૂલથી એક પતંગો,
જાણુ છું તેની લાગણી નાં દરેક તરંગો હરએક તરંગો.



આ પ્રીત શું છે ?

આ પ્રીત શું છે ?

જેમાં કંઈ લીધા વગર સઘળું આપવાની ભાવના સ્ખલિત છે,
તે પ્રીત છે.

જેમાં નિઃસ્વાર્થ લાગણીનું ઝરણું વહેતું નીત-નીત છે,
તે પ્રીત છે.

જેમાં પળેપળે એકમેકની સંભાળ લેવાની રીત છે,
તે પ્રીત છે.

જીવન ની ક્ષણેક્ષણ તેના માટે જ રચીત છે,
તે પ્રીત છે.

જેનાં માટે હર એક આંસુમાં પણ રમતું એક સ્મિત છે,
તે પ્રીત છે.

અને તેથી જ
જે જીવન નો સૌથી રોમાંચક અતીત છે,
તે પ્રીત છે. !!!

કેમ કરુ છું યાદ .....

કેમ કરુ છું યાદ તને તારી ગેરહાજરી માં,
તારી હાજરી માં તો તને અવગણ્યા કરુ છું.
કેમ કરુ છું યાદ .....

કેમ શોધ્યાં કરુ છું તારી તીખી નજરો
સામે મળતાં તો નજરો ચુકાવ્યા કરુ છું.
કેમ કરુ છું યાદ .....

ક્યાંક હતા માં અનુભવુ છું તારા હાસ્ય ની લહેરો,
પણ એક સ્મિત આપવાતો તારા કેટલાંય પ્રયાત્ન માંગ્યા કરુ છું.
કેમ કરુ છું યાદ .....

ક્યારેક કલ્પું છું મારી સા'થે તારો એ મીઠો ચહેરો,
પરંતુ સાથે રહેવાનાં તારા દરેક સત્પ્રયાસ મિથ્યા કરુ છું.
કેમ કરુ છું યાદ .....

ધિક્કારુ છું એ દરેક ન્યાય જે દૂર કરે છે મારા'થી તારા વિચારો,
પણ જાણે અજાણે હું તને અન્યાય કરુ છું.
કેમ કરુ છું યાદ .....



અવર્ણનીય રૂપનું વર્ણન

અવર્ણનીય રૂપનું પણ વર્ણન મેં કર્યુ અહીં છે !!
મોતી ઉડી ને આવ્યું છે સામે જે રહેતું છીપ મહીં છે,

ચહેરા પર છે તેજ એટલું, ચાંદની ની તો વાત જ ક્યાં રહી છે,
ચંચળ છે એટલી કે શર્મ ને પણ એકવાર લજ્જા આવી ગયી છે,
મોતી ઉડી ને આવ્યું છે .....

આંખોમાંથી પણ અમી અવિરત વરસી રહી છે,
હોંઠ છે તેના કે એક ફૂલપાંદડી ખિલી રહી છે,
મોતી ઉડી ને આવ્યું છે .....

સ્મિત તેનું એક જોવા સમયની ગતિ થંભી ગઈ છે,
સ્પર્શ તેનો એક લેવા હવા પણ રોકાઈ ગઈ છે,
મોતી ઉડી ને આવ્યું છે .....

શબ્દ નથી બીજા મારા શબ્દકોષ માં, બસ,
તેની યાદ મારા હૈયા માં કાયમી વિસામો કરી ગઈ છે.
મોતી ઉડી ને આવ્યું છે .....



સમી સાંજ .....



લાગે છે ખુશી ને પણ અસિમીત થવા આજે દિશા મળી ગઈ છે.
બસ હું છું અને તુ છે, આ સાંજ પણ ધીમેધીમે ઢળી ગઈ છે.

આ ચાંદો પણ લપાય છે, છુપાય છે, શું ચાંદની ખોવાઈ ગઈ છે ?
કદાચ અદેખાય છે મારાથી, મને તો મારી ચાંદની મળી ગઈ છે.

નસીબદાર છું, મારી આસપાસ તુજ સહવાસ ની સુવાસ પ્રસરી રહી છે.
મારા હરએક દુઃખને અને ગમને તે નિરાંતે ગળી રહી છે.

લાગે છે મારી એક તરફ ઉભી છે દુનિયા ને બીજી તરફ તુ ઉભી છે,
શું કરુ આ દુનિયાનું, મારી તો દુનિયા જ તુ બની ગઈ છે.





ફરી સફળ થઈ છે તું, મને નકારવામાં,
કદાચ થાપ ખાઈ ગયો છું હું કઈંક વિચારવામાં,

કસર ક્યાં રાખી છે તેં મારા શબ્દો ગુંગળાવવામાં,
ને પછી કહે છે, શોખ છે તને આંખોથી જામ છલકાવવામાં,

ખૂબ નજદીક થી કહે છે, સારુ છે થોડું અંતર રાખવામાં,
ઉતાવળ મને પણ છે, નથી સાર ધીરજ ગુમાવવામાં,

જાણું છું બધું, સમજું છું બધું,
પણ ક્યારનુંય બાંધ્યું છે દિલ નાં પંખીને પાંજરામાં,

નથી જોયું તેણે જવાની નું આકાશ,
થોડી તો તું મદદ કર, તેનું આકાશે ઉડાડવામાં !!!





"તને મારા માં શું ગમે છે ?"



"આ સુંદર ચહેરા પર વાળ સરકતા મને ગમે છે.

આ ગુલાબી હોંઠ પર સ્મિત ફરકતા મને ગમે છે.

મર્મ સમજવાની તારી ચપળતા મને ગમે છે.

લજામણી જેવી તારી ચંચળતા મને ગમે છે.

સ્વભાવ માં રહેલી નિખાલસતા મને ગમે છે.

સંભાળ લેવાની તારી કુશળતા મને ગમે છે.

તારી સાથે વીતાવેલી દરેક એકલતા મને ગમે છે.

અરે, ન પુછ આટલો અઘરો સવાલ,

પુછ નથી શું ગમતું તારા માં ?

કે સહેલા પ્રશ્ન નાં જવાબ આપવા મને ગમે છે."





અજાણતાં જ મારાથી કોઈને માઠું લાગી જાય છે,
ક્ષણમાં જ હૃદય માં રહેલ વ્યક્તિ દૂર કેટલી ભાગી જાય છે ?

વર્તન માં અંતરથી તુરંત જ તીવ્ર દુઃખ અનુભવાય છે,
અરે, જેનો ગુનેગાર હું નથી તેની જ સજા મારાથી ભોગવાય છે ?

આ મન બેબાકળું અને હૃદય બેચૈન બની જાય છે,
પાપ કર્યા વગર પશ્ચાતાપ કરવા તૈયાર થઈ જાય છે !!

નથી આવડતી રીઝવવાની કળા, ત્યાં તો આ બંદો ખોટ ખાય છે,
મારી વાત તો સમજ, એમાં તારું શું જાય છે ???



એક શમણાં ની વાત .....

એક શમણાં ની વાત છે,
એક સુંદર ઢળેલી રાત છે,


હું છું, તુ છે અને એકાંત છે,
આંખો બોલે છે ને દિશાઓ શાંત છે,
એક શમણાં ની વાત .....

તારા માટે ફૂલો ની સોગાદ છે,
ને હાથ માં મારા તારો હાથ છે,
એક શમણાં ની વાત .....

એવો આપણો સોનેરી સંગાથ છે,
પ્રેમ નો સુંવાળો સંવાદ છે,
સ્પર્શ અને સંકેત એકસાદ છે.
એક શમણાં ની વાત .....

ખેર,
આ તો એક શમણાં ની વાત છે,
ને હવે મને વાસ્તવિકતાની વાટ છે !!!



એ લ્હાવો મને ક્યારે મળવાનો ?



આ બુંદબુંદ થી ભીંજતા શહેર ને જોવાનો લ્હાવો મને ક્યારે મળવાનો ?
આ ભીનીભીની માટીની સુવાસ અનુભવવાનો લ્હાવો મને ક્યારે મળવાનો ?

આ કુદરતી ફુવારાથી તનમન તરબતર કરવાનો લ્હાવો મને ક્યારે મળવાનો ?
આ ઠંડા અને ભીના વાયરાથી અંતરને ભીંજવવાનો લ્હાવો મને ક્યારે મળવાનો ?

બ્હાનું છે એક વીજળીનું, તારી નજદીક આવવાનો લ્હાવો મને ક્યારે મળવાનો ?
સુતુ છે એક સ્વમું, તેને હળવેથી જગાડવાનો લ્હાવો મને ક્યારે મળવાનો ?

તો ચાલ, આપ તારો હાથ મારા હાથ માં,
ને ચાલી નીકળીએ ક્યાંય દૂર સુધી,

કે એ રીતે તને માણવાનો લ્હાવો મને ક્યારે મળવાનો ?



કેટલાં વર્ષો પછી આમ તમે અમને મળ્યાં,

દિલને કોઈ દિશા મળી ને શ્વાસ ને રસ્તા જડ્યાં.

કેવો છે આ દિલનો વિનિમય, સંબંધો સગપણ વિના,

પુછે છે કેવી યાદો રહી ગઈ, મેં કહ્યું ક્યાં ભુલી શકયાં.

કેટલાં વર્ષો પછી .....

કેવા છે આ ચિત્રો ચહેરાનાં, પ્રીત ની ચાડી ખાઈ ગયા,

ને તમારા ચહેરા મને, ચિત્ર બનાવી ચાલી ગયા.

કેટલાં વર્ષો પછી .....

જોઈ ને આજે તારી સ્થિતી, દિલનાં ખૂણાં રાજી થયા,

દિલની બાજી આવી જ છે ને, દિલ ને હારી જીતી ગયા.

કેટલાં વર્ષો પછી .....



શું કરું ફરિયાદ .....

શું કરું ફરિયાદ, ફરિયાદ માં ફરી યાદ છે તારી,
ફરી ફરી ને છે તારી યાદ, એ જ તો છે ફરિયાદ મારી.

ફૂલડું ખરી ગયું છે ને ખુશ્બુ રહી ગઈ છે,
મોતી ઉડી ગયું છે ને ઝાકળ રહી ગયું છે,
કેવી છે આ યાદ, દરિયા ને પણ ગઈ તરસાવી.
શું કરું ફરિયાદ .....

પ્રીત નો એક નિયમ છે, દિલ હારી તમે જીતો,
મેં પણ ઝેર પીને અમૃત ઘુંટડો પીધો,
હથેળી પર છે જાન, તુજ માટે એ હરજાઈ.
શું કરું ફરિયાદ .....

તારી એક છબી ને રાત દિવસ નિરખું છું,
તારું મુખડું જોવા કેટલો હું તડપું છું,
એક ઝલક દેતી જા, તારા માટે છે જિંદગાની.
શું કરું ફરિયાદ .....

એ હસીનો કત્લ તમે કરો છો અને ખુદકશી નો ઇલ્જામ અમારે સર નાંખો છો
અમે તો રાખીએ છીએ એક, ખબર નહી તમે કેટલાં દિલ રાખો છો !!!



બદલાઈ ગયા છે જીવન નાં ચિત્રો, અને રંગો પણ બદલાઈ ગયા છે
કાલે ભોગવતાં એકાંત વિસ્તારથી, આજે નજર મેળવવાનું ટાળી રહ્યાં છે
શું મન માં હશે છિદ્રો ? લાગણી નાં કેટલાંય પૂર તેમાં ગળાઈ ગયા છે.
જેમ નાં માટે અમે જીવતા, તે જ લોકો અમને જીવતા ને જીવતા ઠાળી રહ્યાં છે!!!



'નથી બેસતી કદી તે નિરાંતે મારી પાસે, બસ પળવાર માટે ઉભી રહે છે,
ખબર નહી તે કેમ આટલો "શ્રમ" કરે છે, કે પછી "શરમ" કરે છે !!!



આ દિલ બળે ત્યારે તેના કોઈ ધુમાડા નથી હોતા,
આ દિલ રડે ત્યારે અશ્રુના ફુવારા નથી હોતા,
જ્યારે તુ મને છોડી ને જાય છે
ત્યારે તારી યાદના દરિયા રચાય છે.
અને તે દરિયા ના કોઈ કિનારા નથી હોતા.



બસ તારી રાહ જોવામાંજ આ જીંદગી ના વીતી જાય,
ભલે, રાહ જોવાની એક અનેરી મજા હોય છે.
હવે એકવાર તો એકવાર, બસ તારો ચહેરો દેખાય,
કે રણ માં પણ ક્યાંક ઝાંઝવાના નીર હોય છે.



કેટલાં સંવેદી છે ખૂણાં, એક એક હૃદયનાં,
નાનાં અને છીછરાં, છતાં આ ઘાવ કદી રુઝાયનાં,
ભલે કહેતાં લોકો, અમે બન્યા છીએ હૃદય વગરનાં,
આમ જ કયાં ભૂલાય છે કિસ્સા પ્રથમ પ્રણય નાં !!!

